For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in


### ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં ભારતીય સનાતન સંસ્કૃતિનું ગૌરવગાન; બે લાખ હરિભક્તોની સમૂહ આરતીથી સર્જાયો અલૌકિક માહોલ

# મહંત સ્વામી મહારાજનો 92મો જન્મજયંતી મહોત્સવ દિવ્યતાથી ઉજવાયો

**ગુજરાતના** મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના પવિત્ર પરિસરમાં પ.પૂ. મહંત સ્વામી મહારાજની 92મી જન્મજયંતી મહોત્સવની ઉજવણી ભવ્યતા, દિવ્યતા અને અપરંપાર ભક્તિભાવ સાથે કરવામાં આવી હતી. આ ઐતિહાસિક મહોત્સવમાં પ.પૂ. મહંત સ્વામી મહારાજની દિવ્ય વાણી, આધ્યાત્મિક પ્રભાવ, અહંશૂન્યતા અને ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાને રજૂ કરતા વિશિષ્ટ વિડિયોઝ સાથે બી.એ.પી. એસ. સંસ્થાના વરિષ્ઠ સંતોએ પ્રેરણાદાયક ઉદ્બોધનો કર્યા હતા.



### ગુજરાત અને MPના મુખ્યમંત્રીની શુભેચ્છાઓ

આ મહોત્સવમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ ઉપસ્થિત રહ્યા હતા. બી.એ.પી.એસ.ના વરિષ્ઠ સંતો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે પ.પૂ. મહંત સ્વામી મહારાજના જન્મસ્થાન જબલપુરનો ઉલ્લેખ કરી ગૌરવ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

### ગ્રંથ વિમોચન અને નવી પહેલો

આ પ્રસંગે પ.પૂ. મહંત સ્વામી મહારાજ રચિત ગ્રંથ *'Insights from the Satsang Diksha'*નું વિમોચન કરવામાં આવ્યું હતું. સાથે જ આદિવાસી વિસ્તારો માટે 'હર ઘર ઘર શિક્ષાની જ્યોત જલે' અભિયાન અંતર્ગત મોબાઈલ પાઠશાળાનો શુભારંભ કરાયો હતો. બી.એ.પી.એસ. દ્વારા બાળકો માટે વિશિષ્ટ યુટ્યુબ ચેનલ 'BAPS Kids' પણ લોન્ચ કરવામાં આવી હતી.

### મંત્રપુષ્પાંજલિ, આશીર્વચન અને સમૂહ આરતી

આ અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા પાઠવાયેલા શુભેચ્છા પત્રનું વાચન કરવામાં આવ્યું હતું. મંત્રપુષ્પાંજલિ દ્વારા ભક્તોએ પ.પૂ. મહંત સ્વામી મહારાજના ચરણોમાં ગુરુભક્તિ અર્પણ કરી હતી. પ.પૂ. મહંત સ્વામી મહારાજે આશીર્વચન દ્વારા સૌને ઉન્નત આધ્યાત્મિક જીવનની પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતે લાખો દીવડાઓ સાથેની સમૂહ આરતીથી હૃદયસ્પર્શી વાતાવરણ સર્જાયું હતું.

### ભવ્ય આયોજન, સેવા અને લાઈવ પ્રસારણ

આ જન્મજયંતી સમારોહમાં બી.એ.પી.એસ.ના 800 સંતો તેમજ અંદાજે બે લાખ જેટલા ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ મહિનાથી વધુ સમય સુધી ચાલેલા આયોજનમાં 34 સેવાવિભાગોના 14,000 સ્વયંસેવકોએ અવિરત સેવા આપી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સુરક્ષા અને જરૂરી સેવાઓ માટે સંપૂર્ણ સહયોગ અપાયો હતો. આ મહોત્સવ live.baps.org તથા આસ્થા ભજન ચેનલ મારફતે ભારત અને વિદેશમાં રહેલા લાખો ભક્તોએ જીવંત પ્રસારણ દ્વારા નિહાળ્યો હતો.



### ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સનું બહુમાન : ઐતિહાસિક સિદ્ધિ

ઇંગ્લેન્ડથી પધારેલા ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સના અધિકારી દ્વારા પ.પૂ. મહંત સ્વામી મહારાજને "Largest Simultaneous Hindu Text Recital" માટે બહુમાનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. પ.પૂ. મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાના 3 થી 13 વર્ષની વયના 15,666 કરતાં વધુ બાળકોએ મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત 315 શ્લોકો ધરાવતા સત્સંગદીક્ષા ગ્રંથનો માત્ર એક વર્ષમાં સંસ્કૃતમાં સંપૂર્ણ મુખપાઠ કરીને સમૂહગાન કર્યું–જે એક વિરલ અને ઐતિહાસિક ઘટના છે.

### વિદેશી દારૂની પેટીઓની કટિંગ ચાલી રહ્યું હતુ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ ત્રાટકી, દોડધામ

# કોયલીમાં SMCની રેડ, લાલુનો રૂ.38.21 લાખનો દારૂ ઝડપાયો

**સ્થળ** પરથી ત્રણ જેટલા ઓરીપોની ધરપકડ, સપ્લાયર અને બૂટલેગરો સહિત 15 વોન્ટેડ

( પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લાના કોયલી ગામે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા મળસ્કે દારૂના ચાલી રહેલા કટિંગ પર દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં સ્થળ પરથી ત્રણ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. જ્યારે લિંકર કિંગ લાલુ સિંધી અને બુટલેગર સહિત 15ને વોન્ટેડ જાહેર કર્યાં છે. એસએમસીની ટીમે સ્થળ પરથી 38.21 લાખનો વિદેશી દારૂ, ત્રણ વાહનો,ચાર મોબાઈલ અને રોકડ રકમ સહિત રૂ. 53.36 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. જ્યારે જવાહરનગર પોલીસ ઉંઘતી ઝડપાઈ છે.

સ્ટેટ મોટનિરિંગ સેલ દ્વારા વડોદરા શહેરમાં ચાલતા દારૂ અને જુગારના અડ્ડા તથા હેરાફેરી પર સતત વોચ રાખવામાં આવી રહી છે. બીજી તરફ નશીલા પદાર્થોના ગેરકાયદે વેપલા પર પણ એસએમસીની અધિકારીઓ સતત બાજ નજ રાખીને બેઠા છે. જેમાં રેલવે સ્ટેશન પરથી ઝડપાયેલા ડ્રગ્સના ગુનમાં એસઓજીની એએસઆઈને પણ એસએમસીએ સકંજામાં લઈ લીધો છે.

દરમિયાન 2 ફેબ્રુઆરીના રોજ સ્ટેટ મોટનિગિર સેલની ટીમને બાતમી મળી હતી કે લિંકર કિંગ લાલુ સિંધી અને મનોજ ઉર્ફે પાપડે વિદેશી દારૂનો જથ્થો મોકલાવ્યો છે. જે દારૂનો જથ્થો કોયલી ગામે સંતરામ મંદિરની પાછળ દારૂનું કટિંગ ચાલી રહ્યુ છે અને શહેરના અલગ અલગ બૂટલેગરો પોતાના દારૂનો કટિંગ કરવા માટે આવવાના છે. જેથી એસએમસીની ટીમે બાતમીના આધારે કટિંગ ચાલી રહ્યું હતું દરમિયાન જ કોયલી ગામે મળસ્કે દરોડો પાડ્યો હતો. દરમિયાન સ્થળ પરથી ત્રણ શખ્સો ઝડપાઈ ગયાં હતા. તેમની પાસેથી એસએમસીની ટીમે રૂ.38.21 લાખનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેથી વિદેશી દારૂનો જથ્થો. જે ફોર વ્હિલર ગાડી રૂ. 14.50 લાખ , ચાર મોબાઈલ 55 હજાર તથા રોકડા રૂપિયા 19 હજાર મળી રૂ. રૂ.53.36 લાખનો મુદ્દામાલ કબજે કરી જવાહરનગર પોલીસને સોંપવામાં આવ્યો છે. જેમાં સ્થળ પરથી ત્રણ આરોપીની ધરપકડ કરી લિકર કિંગ સહિતના 15 આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે. જ્યારે જવાહરનગર પોલીસની ટીમ ઉંઘતી ઝડપાઈ હતી.

### ઝડપાયેલા આરોપોના નામ અને સરનામાં



**હિમાંશુ ઉર્ફે ભોલો દિલીપભાઇ અગ્રાવલ** (રહે. ઘનશ્યામ નગર ગોરવા)

**મણીલાલ તેરસિંગ જોરપાટ** (રહે. દેવલપાડા, રાજસ્થાન)

**અનવરખાન મતાબદીન ખાન** (રહે. જમ્મુ કાશ્મીર)

### વોન્ટેડ આરોપીઓની યાદી

**મનોજ ઉર્ફે પાપડ શંકરભાઇ નરસિંઘાણી** (રહે. નર્મદેશ્વર સોસ. ગોરવા)

**લાલચંદ ઉર્ફે લાલુ હેમંતદાસ ખાનાણી** (રહે. વારસીયા)

**સુનિલ ઉર્ફે અદ્દો પ્રકાશમલ કેવલરામાણી** (રહે. વારસીયા)

**છોટુ** (કેશીયર, રહે. ગોરવા)

**બંટો** (મહિન્દ્રા એક્સ યુ વી કારનો ડ્રાઇવર, રહે. કમલાનગર)

**ઉપો** (મહિન્દ્રા ટી યુ વી કારનો ડ્રાઇવર, રહે. કમલાનગર)

**સંજયસિંઘ ઉર્ફે અન્નો** (રહે. ફોર્ચ્યુનર કારનો ડ્રાઇવર, રહે. લક્ષ્મીપુરા )

**ગોરધન** (દારુ ખરીદનાર, રહે. ભાયલી)

**અનીલ માળી** (દારૂ ખરીદનાર, સેવાસી)

**સંજુ ભોઈ** (દારુ ખરીદનાર, રહે. ગધેળા માર્કેટ, વારસીયા)

**કરણ** (દારુ ખરીદનાર, રહે. શેરખી)

**ગીરી** (દારુ ખરીદનાર, રહે. વારસીયા)

સફેદ બોલેરોનો માલિક

સીલવર મહેન્દ્ર ટી યુ વીનો માલિક

સીલવર મહેન્દ્ર એક્સ યુ વીનો માલિક

### વૃદ્ધાના સોનાની બુટ્ટી રૂમાલમાં મુકાવી પથ્થરના ટુકડા મૂકી દીધા

# ઉંડેરા ગામમાં રહેતી વિધવા મહિલાને વાતોમાં પરોવી બે ગઠિયા સોનાની બુટ્ટી લઈ રફુચક્કર

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ઉંડેરા ગામમાં રહેતા વૃદ્ધ વિધવા મહિલા પાન પડીકી ની દુકાન ચલાવે છે. દરમિયાન બેશક સો તેમની દુકાન પર આવ્યા હતા અને વિશ્વાસ કેળવીને વૃદ્ધ મહિલા ને વાતો ચડાવ્યા હતા. થોડીવાર બાદ ગઠિયાઓએ વૃદ્ધાના કાનમાંથી સોનાની બે બુટ્ટી કઢાવીને રૂમાલમાં મૂકવાના બહાને સરકાવી લીધી હતી. બુટ્ટીને ગાંઠ મારેલું રૂમાલ વૃદ્ધાને આપીને બંને ગઠીયા રફુ ચક્કર થઈ ગયા હતા. થોડીવાર પછી બધાએ રૂમાલ ખોલ્યો હતો ત્યારે અંદરથી સોનાના બુટ્ટી ની જગ્યા પર નાના બે પથ્થર નીકળતા તેઓ ખૂબ ડરી ગયા હતા. જેથી વૃદ્ધ મહિલાએ આ બંને ગઠીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા નજીક ઉંડેરા ગામમાં આવેલી નવી વરસાદમાં રહેતા જશોદાબેન રમણભાઈ સોલંકી (ઉ.વ.65) ફરિયાદ નોંધાવી છે કે, મહાકાળી મંદીર પાસે પાન પડીકીનો ગલ્લો ચલાવી મારું જીવન ગુજરાન ચલાવુ છું. મારા પતિ રમણભાઈ સોલંકી મરણ ગયા છે અને મારે બે દીકરી અને બે દીકરા છે. ગત 29 જાન્યુઆરીના રોજ અમે અમારી દુકાન હાજર હતી તે દરમ્યાન બપોરના આશરે ત્રણેક વાગ્યાના સમયગાળા દરમ્યાન એક અજાણ્યો માણસ જેને દુકાન આવ્યા હતા અને અમારી દુકાને આવી અમારી પાસે સીગારેટ તથા પડીકી માંગતાં આપી હતી. ત્યાર બાદ મેં તેઓની પાસે પૈસા માંગતા તેણે મને થોડી વાર પછી આપુ તેમ જણાવ્યું હતુ.

ત્યારબાદ બીજો એક અજાણ્યો માણસ દુકાને આવી સેવ મમરાનુ પેકેટ તથા પાણીની બોટલ માંગી હતી. અમારી દુકાન પાસે જ્યારે બીજો બાજુમાં બંધ પડેલી શાકભાજીની લારી પાસે ગયો હતો. થોડીવાર બાદ પરત મારી દુકાન પાસે મને વાતોમાં ચઢાવી હતી. બંને જણાએ મને સોનાની બુટ્ટી ઉતારી રૂમાલમાં મૂકવા માટે આપી હતી. એક શખ્સે સોનાની બુટ્ટી રૂમાલમાં મૂકી હોવાનું નાટક કરીને 30 હજાર રૂપિયાની બુટ્ટી સરકાવી લીધી હતી.મેં થોડી વાર પછી રૂમાલની ગાંઠ ખોલતા તેમાલમાંથી નાના પથ્થરના નીકળ્યા હતા. જેનાથી મેં ચોકી જવા સાથે ગભરાઈ ગઈ હતી.

### બંને રીઢા આરોપીની ગણતરીના કલાકોમાં ધરપકડ

વધવા મહિલા પાસેથી ઠગાઇ કરીને રૂપિયા 30 હજારના બે સોનાની બુટ્ટી ચોરી કરી ભાગેલા બે રીઢા આરોપી પ્રકાશ ઉર્ફે ધર્મેશ મારવાડી તથા અર્જુન રાજુ મારવાડી ( બંને રહે. ખોડિયાનગર ન્યુ વીઆઇપી રોડ વડોદરા )ને પકડવા માટે જવાહરનગર પોલીસે કંકાટવી કોમ્પલેક્ષ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન પંચવટી તરફથી બને આવતા તેમને પોલીસે ઝડપી પાડ્યાં હતા.

### રેલ્વેએ ગુજરાતમાં અભૂતપૂર્વ માળખાગત વિકાસ નોંધાવ્યો

# 87 રેલ્વે સ્ટેશનોનો 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનર્વિકાસ

**આધુનિક** સ્ટેશનો અને વિશ્વ કક્ષાની ટ્રેન સેવાઓ રેલ લેન્ડસ્કેપમાં પરિવર્તન

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

રેલ્વેએ અભૂતપૂર્વ બજેટ સહાય, ઝડપી માળખાગત વિકાસ સાથે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જેનાથી સલામત, આધુનિક અને મુસાફરો કેન્દ્રિત રેલ પરિવહનના નવા યુગની શરૂઆત થઈ છે. ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલ્વે બજેટ ફાળવણી 2009-14 દરમિયાન 589 કરોડથી વધીને 2026-27ના સમયગાળામાં 17,366 કરોડ થઈ ગઈ છે. જે લગભગ 29 ગણો વધારો છે. જે રાજ્યમાં રેલ માળખાગત સુવિધાઓ અને કનેક્ટિવિટીને મજબૂત બનાવવા પ્રત્યે સરકારની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડ રૂપિયાના રેલ્વે માળખાગત પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે. આ કાર્યોમાં ટ્રેક બાંધકામ, સ્ટેશન પુનઃવિકાસ અને મુખ્ય સલામતી વધારાનો સમાવેશ થાય છે, જે લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને સમગ્ર નેટવર્કમાં કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે. અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના 87 રેલ્વે સ્ટેશનોને 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનર્વિકાસ માટે ઓળખવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલિતાણા, પોરબંદર અને અન્ય ઘણા સ્ટેશનો સહિત 19 સ્ટેશનો પર પુનર્વિકાસના કાર્યો પહેલાથી જ પૂર્ણ થઈ ગયા છે, જેનાથી મુસાફરોની સુવિધાઓ અને સ્ટેશનના સૌંદર્ય શાસ્ત્રમાં નોંધપાત્ર સુધારો થયો છે. આધુનિક ટ્રેન સેવાઓની શરૂઆત સાથે મુસાફરોની સુવિધા અને મુસાફરી કાર્યક્ષમતામાં મોટો વધારો થયો છે. હાલમાં, રાજ્યમાં વંદે ભારત એક્સપ્રેસની 5 જોડી, અમૃત ભારત એક્સપ્રેસની 1 જોડી, નમો ભારત એક્સપ્રેસની 1 જોડીની આ સેવાઓ મુસાફરોને ઝડપી, સલામત અને વધુ આરામદાયક મુસાફરી વિકલ્પો પ્રદાન કરે છે.

લેવલ ક્રોસિંગને દૂર કરવા, સલામતી વધારવા અને રાજ્યભરમાં રોડ-રેલ અવરજવરને સરળ બનાવવા માટે 1,177 ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે. સાથે સલામતી-પ્રથમ અભિગમના ભાગ રૂપે ગુજરાતમાં સ્વદેશી કવચ ઓટોમેટિક ટ્રેન સુરક્ષા સિસ્ટમ લાગુ કરી રહી છે. કવચ પહેલાથી જ 96 રૂટ કિલોમીટરથી વધુ વિસ્તાર પર કાર્યરત છે, જ્યારે, 1674 રૂટ કિલોમીટર માટે કામો અથવા ટેન્ડરો પ્રગતિમાં છે, જે કુલ મંજૂર લંબાઈ 1842 રૂટ કિલોમીટર છે, જે રેલ સલામતી ધોરણોમાં નોંધપાત્ર છલાંગ દર્શાવે છે.

# 15 દિવસ બાદ શિયાળો વિદાય લેશે : તાપમાન 20.4 ડિગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ફેબ્રુઆરી મહિના દરમિયાન સામાન્ય ઠંડી રહેશે. પંદર દિવસ બાદ શિયાળાની ઋતુ ધીમે ધીમે વિદાય લેશે. હાલ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસર વર્તાઈ રહી છે. જેના કારણે વાદળછાયું વાતાવરણ બની રહ્યું છે. સોમવારે શહેરનું લઘુત્તમ તાપમાન 20.4 ડીગ્રી નોંધાયું હતું. જેથી દિવસે ગરમી અનુભવાઈ હતી. ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ભેજનું પ્રમાણ વધુ રહેવાથી ન્યુનતમ તાપમાન ઉપર નીચે થયા કરવાની સંભાવના છે. પ્રથમ પખવાડિયામાં રાત્રે અને વહેલી સવારે ઠંડી પડી શકે છે. પરંતુ દિવસનો ભાગ ગરમ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જો કે, કડકડતી ઠંડીના દિવસો હવે પુરા થયા હોવાનું અનુમાન લગાવાયું છે. સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 31.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 20.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 84 ટકા અને સાંજે 57 ટકા નોંધાયું હતું.

### ગ્રાહકે મંગાવેલા કચોરી ચાટમાંથી વંદો નીકળ્યો હતો

# મકરપુરા હનુરામ ફુડ આઉટલેટ પર આરોગ્ય શાખાના દરોડા : 10 હજારનો દંડ વસૂલ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

સંસ્કારી નગરી વડોદરામાં ખાણીપીણીની ગુણવત્તા સામે ફરી એકવાર ગંભીર પ્રશ્નાર્થ ચિન્હ ઉભું થયું છે. શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત 'હનુરામ ફુડ્સ' માં ગ્રાહકે મગાવેલા નાસ્તામાંથી જીવતો વંદો નીકળવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પાલિકાના ફુડ વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી હોટલ સંચાલકને દંડ ફટકાર્યો છે.

મકરપુરા સ્થિત હનુરામ ફુડ્સમાં ગ્રાહક રઘુવીરસિંહ ગોહિલ પરિવાર સાથે નાસ્તો કરવા પહોંચ્યા હતા. તેમણે ખાવા માટે 'કચોરી ચાટ' ઓર્ડર કરી હતી. પ્લેટમાં કચોરી ખાતી વખતે અંદરથી એક જીવતો વંદો મળી આવ્યો હતો. આ દ્રશ્ય જોઈ ગ્રાહક અને તેમનો પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. ગ્રાહકે આક્ષેપ કર્યો હતો કે, ગંદકીવાળો નાસ્તો આરોગવાને કારણે તેમની પુત્રીની તબિયત લથડી હતી અને તેને ઉલટીઓ થવા લાગી હતી.

શહેરની પ્રખ્યાત ફુડ આઉટલેટ્સમાં જ્યારે આવી બેદરકારી જોવા મળે છે, ત્યારે ગ્રાહકોમાં ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. રઘુવીરસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, "અમે વિશ્વાસ રાખીને મોંઘી હોટલોમાં જઈએ છીએ, પણ અહીં લોકોના સ્વાસ્થ્ય કરતા માત્ર કમાણીને જ મહત્વ આપવામાં આવે છે તેવું લાગે છે."






### નમૂના પૃથક્કરણ માટે લેબોરેટરીમાં મોકલાયા

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા જ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ એક્શનમાં આવ્યો હતો. ફુડ ઓફિસર ભરત વાંઢેની ટીમે તાત્કાલિક હોટલ પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન હોટલમાંથી કચોરીના નમૂના લઈ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં પૃથક્કરણ માટે મોકલી આપવામાં આવ્યા છે. કિચનમાં અને પીરસવાની જગ્યાએ જોવા મળેલી અસ્વચ્છતા બદલ સંચાલકને રૂ. 10,000નો દંડ ફટકારવામાં આવ્યો છે. તંત્ર દ્વારા હોટલને શેડ્યુલ-4 મુજબ સ્વચ્છતા જાળવવા માટે કડક સૂચના સાથેની નોટિસ પણ પાઠવવામાં આવી છે.

### રિમાન્ડના પ્રથમ દિવસે કરાયેલા ઇન્ટ્રોગેશનમાં બેન્ક ડિટેલ્સ મંગાવાઇ

# એસએમસી અધિકારીઓ દ્વારા લક્ષ્મીકાંત દેસાઈની મિલકત બાબતે પૂછપરછ કરાઈ

**એએસઆઇના** મોબાઇલની ડિટેઇલ્સ આવ્યાં બાદ ઘણા રહસ્ય બહાર આવશે

(પ્રતિનિધિ) વડોદાર તા.2

વડોદરા શહેર પોલીસ વિભાગ બદનામ કરનાર એસઓજીની એએસઆઇ લક્ષ્મીકાંત દેસાઇના સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ચાર દિવસના રિમાન્ડ મેળવાયા છે. ત્યારે પ્રથમ દિવસે આરોપીનું એસએમસીની ટીમ દ્વારા ઈન્ટ્રોગેશન શરૂ કરાયું હતું. જેમાં આરોપીની બેન્ક, પ્રોપર્ટી સહિતની પૂછપરછ કરાઈ હતી. જેમાં ગેરકાયદે પ્રવૃતિ કરીને કેટકેટલી મિલકત વસાવી છે. ઉપરાં બેન્કોમાં એફડી અને બચત કેટલા રૂપિયા કરી છે.

એસઓજીમાં ફરજ બજાવતા એએસઆઇ લક્ષ્મીકાંત દેસાઈના પાપનો ઘડો ફુટી ગયો છે. તાજેતરમાં રેલવે સ્ટેશન પરથી 47 લાખનું હેરોઈન ડ્રગ્સ ઝડપાયું હતું. જેમા પેડલરના મોબાઈલમાંથી આ લોભિયા એએસઆઈની સંડોવણી હોવાની વિગતો મળી હતી. જેથી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વાર ઘણા સમયથી તેના પર નજર હતી. દરમિયાન એએસઆઈની એસએમસીની ટીમ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી હતી અને તેની સાથે અન્ય કોઈની સંડોવણી છે, ડ્રગ્સ કોની પાસેથી મંગાવી આપવામાં મદદ કતો હતો તેવી અન્ય વિગતોની ઘનિષ્ઠ પુછપરછ કરવા માટે 4 દિવસના રિમાન્ડ મેળવ્યાં છે. ત્યારે રિમાન્ડ પ્રથમ દિવસે એસએમસી દ્વારા તેનું ઈન્ટ્રોગેશન શરૂ કરાયું હતું.

### સિમકાર્ડધારકને પૂછપરછ માટે બોલાવાશે

લક્ષ્મીકાંત દેસાઇ પાસેથી ત્રણ મોબાઇલ મળી આવ્યા છે. જેમાં એક મોબાઇલમાં તેનું રેગ્યુલર સિમકાર્ડ હતુ. બીજામાં મોબાઇલમાંથી વડોદરાના કોઇ શખ્સના નામુ સિમકાર્ડ મળી આવ્યું છે.જેથી આગામી દિવસોમાં કંપનીમાંથી આ કોનું સિમકાર્ડ છે તેનું વિગત મંગાવાશે ત્યારબાદ આ વ્યક્તિને બોલાવી તેની પૂછપરછ કરાશે. ઉપરાંત અન્ય એક કિપેડ મોબાઇલ પણ કારમાંથી મળી આવ્યો છે. આરોપી આ મોબાઇલ તેનું નથી તેવું રટણ કરી રહ્યું છે. જેથી એસએમસી દ્વારા મોબાઇલને એફએસએલમાં આપવા સાથે કંપની પાસેથી તેની ડિટેલ મંગાવાઇ છે.

# મહિલાની નજર ચુકવી રોકડા રૂ.50 સહિતની મતા ભરેલું પર્સ ચોરનાર ઝડપાયો

**વારસિયા** રીંગરોડ પર મહિલા તૂટ ખરીદતા હતા ત્યારે રીક્ષા ચાલકે ખેલ પાડ્યો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરનાં વારશિયા રીંગ રોડ સર્વાનંદ હોલની બાજુના ફુટપાથ પર મહિલા પાઈનેપલ ખરીદતા હતા. તે દરમ્યાન મહિલાએ એક્ટીવા પર



તેમનું રોકડા 50 હજાર સહિત રૂ.55 હજારની મત્તા ભરેલું પર્સ મૂક્યું હતું. દરમિયાન અજાણ્યો રિક્ષા ચાલક ધસી આવ્યો હતો અને મહિલાની જાણની બહાર નજર ચુકવી ચોરી કરી ઓટો રીક્ષા લઈ ભાગી ગયો હતો. જેની ફરિયાદ વારસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ક્રાઈમ બ્રાંચની ટીમન આ પર્સ લઈને ભાગી ગયેલા આરોપીની ઓટોરીક્ષાના નંબર તથા સીસીટીવી તેમજ હ્યુમન સોર્સ આધારે શોધખોળ શરૂ કરવા માટે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા ફરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે, અગાઉ ચોરીઓના ગુનાઓમાં પકડાયેલા શાહરૂખ ઉર્ફે નટુ પઠાણ (રહે.ઈન્દીરાનગર ઝુપડપટ્ટી હાથીખાના વડોદરા)ને હાથીખાના ઈન્દીરાનગર બ્રીજ પાસે રોડની સાઈડમાં હાજર છે. આ શખ્સ પાસેથી એરપોડ અને ઓટોરીક્ષાની આગળની ડેકીમાં રોકડા રૂપીયા 7600 તેમજ એરપોડ અને મોબાઈલ તેમજ રીક્ષા મળી રૂ.63 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ રીઢા આરોપી શાહરૂખ પઠાણ વિરુદ્ધ શહેરના વિવિધ પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે.

### સામાજિક પ્રસંગમાં જતા પરિવારને નડ્યો અકસ્માત

# વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે પર અજાણ્યા વાહને ટક્કર મારતા વૃદ્ધાનું મોત

**ટક્કર** એટલી જોરદાર હતી કે કારનો દરવાજો ખુલી જતાં બે મહિલાઓ રોડ પર ફંગોળાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર સોમવારે વહેલી સવારે એક ભીષણ અકસ્માત સર્જાયો હતો. સુરતથી રાજકોટ સામાજિક પ્રસંગમાં જઈ રહેલા પરિવારની કારને પાછળથી પૂરઝડપે આવતા એક અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કારનો દરવાજો ખુલી જતાં બે મહિલાઓ રોડ પર ફંગોળાઈ હતી, જેમાં 62 વર્ષીય વૃદ્ધાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

સુરતના સરથાણા જકાતનાકા પાસે આવેલી વ્રજરાજ રેસિડેન્સીમાં રહેતા હરિદાસભાઈ ડોબરિયા તેમના પત્ની કાંતાબેન (61 વર્ષ) અને બહેન પાર્વતીબેન કયાડા (62 વર્ષ) સાથે કારમાં સવાર થઈ સુરતથી રાજકોટ તરફ જઈ રહ્યા હતા. રાજકોટ ખાતે એક સામાજિક પ્રસંગમાં હાજરી આપવા નીકળેલા આ પરિવારની ખુશીઓ વડોદરા નજીક કાળમાં ફેરવાઈ ગઈ હતી. વડોદરા નજીક એક્સપ્રેસ હાઈવે પર પાછળથી આવતા એક અજાણ્યા વાહને હરિદાસભાઈની કારને પાછળના ભાગે ધડાકાભેર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે હરિદાસભાઈએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર રોડની સાઈડમાં લગાવેલા લોખંડના એંગલ સાથે અથડાઈ હતી. આ અથડામણ દરમિયાન કારની ડાબી બાજુનો પાછળનો દરવાજો અચાનક ખુલી ગયો હતો, જેના કારણે પાછળની સીટ પર બેઠેલા કાંતાબેન અને પાર્વતીબેન બંને ચાલુ કારે રોડ પર ફંગોળાયા હતા. રોડ પર પટકાવાને કારણે ગંભીર ઈજાઓ થવાથી પાર્વતીબેન કયાડાનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે કાંતાબેન ડોબરિયાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક વડોદરાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.